
# મોડાસામાં ભારે વરસાદના કારણે નિચાણવાડા વિસ્તારમાં પાણી ભરાયા

## મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં ઘરોમાં પાણી ભરાયા

મોડાસા, તા.૧૦

અરવલ્લી જીલ્લા માં ગતરાત્રી જ વરસાદનુ આગમન થઈ ગયુ હતુ તેમાં નીચાણવાડા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા અને લોકોને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો હતો ત્યારે આજે સવારે ફરીથી બે જ કલાકમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

મોડાસામાં એકાએક બે કલાકમાં ૩.૫ ઈંચ જેટલો મુશળધાર વરસાદ ખાબકતા મોડાસામાં નિચાણવાડા વીસ્તારોમાં પાણી ભરાઈ જતા લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા ત્યારે લોકોને મોટી હાલાકીનો સામનો કરવો પડયો હતો. ઘરોમાં પાણી ભરાવવાના કારણે રસોડાની સાધન સમગ્રી અને સાધનો પાણીમાં તરતા હતા ઘરની બહારથી લઈને છેક રોડ સુધી ૪ થી ૫ ફુટ પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે સર્વોદય નગર વિસ્તાર એકબીજાથી આવન જાવનનો સર્પક તુટી ગયો હતો. ત્યારે લોકોએ નરગપાલિકાના પ્રમુખને બોલાવી પરીસ્થીતીથી વાકેફ કર્યા હતા. ત્યારે નગરપાલિકા તંત્રએ પણ આ લોકોની મદદમાંથી હાથ ઊંચા કરી દીધા હતા. જયારે સર્વોદયનગરવાસીઓ જણાવે છે કે આ પરીસ્થીતી અમારી આજની નથી. આ હાલત છેલ્લા ૨૦ વીસ વર્ષથી છે. અમે વારે વારે નગરપાલિકાને જાણ કરી તે છતા કોઈ પગલા લેવાતા નથી.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ધનસુરામાં ૬ ઈંચ વરસાદ : જનતાનગરમાં પાણી ભરાયા

## ધનસુરાની અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા

ધનસુરા, તા.૧૦

ધનસુરા શહેરે માં એક જ દીવસમાં ૬ ઈંચ જેટલો અધધધ વરસાદ ખાબકતા જનજીવન અસ્ત વ્યસત બની ગયુ છે. ધનસુરા માં વરસાદ પડવાને કારણે ભારે નુકશાન થવા પામ્યુ છે. જેમાં સૌથી વધારે નુકશાન કાચા મકાનો અને રસ્તાઓ ને થાવ પામ્યુ છે. ધનસુરા નજીક જામઠા રોડ ઉપર આવેલ ગરનાળા માં પાણી રોકી દેવાતા આસપાસ ના ખેતરો માં પાણી ઘુસી જતા ચોમાસુ પાક નિષ્ફળ યો છે. ખેડુતો ને વ્યાપક નુકશાન થયુ છે. ધનસુરા ચાર રસતા બજાર સોસાયટી વિસ્તારો માં ઢીચણ સમા પાણી ભરાયા હતા.

આજે વહેલી સવાર થી વીજળી ના કડાકા અને મેઘગર્જના સાથે ધોધમાર વરસાદ વરસતા પડતા ઉપર પાટુ માર્યુ હોય તેમ મોટા ભાગના મકાનો અને રસ્તાઓ ઉપર મોટુ નુકશાન થવા પામ્યુ છે. ચાર રસ્તા બજાર માં રોડા માં કેડ સમા પાણી ચરાઈ ગયા હતા તાત્કાલીક આ રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો જનતાજગર જળબંબાકાર બની ગયુ હતુ ૭૦ થી વધુ મકાનો માં પાણી ઘુસી ગયા હતા જયારે પાણી ઘુસી જવાના કરાણે મકાન ની ઘરવખરી પલળી જતા મોટુ નુકશાન થવા પામ્યુ છે. જયારે ગામના પાણી જનતા નગર માં ઘુસતા જળબંબાકર જેવી પરીસ્થીતી નુ નિમાર્ણ થવા પામ્યુ છે. આ ગામ ના સરપંચ ત્રીવેણીબેન પટેલે અને તલાટીકમ મંત્રી તાત્કાલીક ધોરણે લોકો ને કોમ્યુનીટી હોલ માં શીફટ નુકશાની નો અંદાજ કાઢયો હતો ધનસુરા માં સરકાર ની ડીઝાસ્ટર મેનેજમેન્ટ સીસ્ટમ ની પોલ ખુલી જવા પામી હતી આજે સવારે ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ધનસુરા માં ચારેબાજુ પાણી જપાણી થઈ ગયુ હતુ જયારે ભારે વરસાદ ના કારણે કાદવ કીચડ થવાને કારણે બીજી બાજુ રોગચાળો પણ ફાટી નીકળવાનો ભય ફેલાયો હતો.





(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

### મોડાસાના લક્ષ્મી શોપીગમાંથી બીલ વગરના પકડાયેલ

# ૨૩ લાખના મોબાઈલ પ્રકરણમાં પાંચ વેપારીઓ સામે ગુનો નોધાયો

## આઈ.એમ.ઈ. નંબર બદલવા અને નકલી મોબાઈલ અંગે ગુનો નોધાયો

મોડાસા, તા.૧૦

અરવલ્લીના મોડાસામાં એક મહિના અગાઉ ચોરીના મોબાઈલ પ્રકરણનો પર્દાફાશ થવા પામ્યો છે. આ પ્રકરણમાં સામેલ એવા પાંચ વેપારીઓ સામે આજે પોલીસે ગુનો નોધ્યો હતો. આ પાંચેય વેપારી દ્વારા ૨૩ જેટલા મોબાઈલના આઈ. એમ. ઈ. નંબર બદલવામાં આવ્યા હતા અને ૧૬ જેટલા મોબાઈલ નકલી મોબાઈલ મળી આવ્યા હતા.

બનાવની વિગત એવી છે કે મોડાસા શહેર ચોરીના મોબાઈલ લે વેચનુ એ.પી. સેન્ટર છે. અનેકવાર પરપ્રાંતીય પોલીસ ચોરીના મોબાઈલ ખરીદ અને વેચવાના ગુનામાં શહેરના વેપારીઓને પણ ઉઠાવી ગયેલ છે. દરમહિને ચોરીના મોબાઈલનું કરોડો રૂપીયાનુ નેટર્વક તોડી પાડવા માટે જીલ્લા એલ.સી.બી ધ્વાર મોડાસાના બસ સ્ટેશન પાસે આવેલ લક્ષ્મી મોબાઈલ બજારમાં રેડ કરવામાં આવી હતી અને ૫ જેટલી મોબાઈલ દુકાનોમાં મોબાઈલ બીલ વગર ના ૧૬૧ જેટલા મોબાઈલ તથા ૮ લેપટોપ મળી આવ્યા હતા. આ તમામ મુદ્દામાલ પોલીસે કબજે કરી લીધો હતો. આ તમામ મોબાઈલની કીંમત ૨૩ લાખ રૂપીયા થાય છે. સાથે પાંચ દુકાનદારોની અટકાયત કરી વધુ પુછતાછ શરૂ કરી છે અને આ સમગ્ર મામલો સામે આવતા આજે પોલીસે ગુનો નોધ્યો હતો અને આ તમામ પાંચેય આરોપીઓને અટક કરી આગળની તપાસ હાથ ધરી હતી.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### પ્રાંતિજમાં નદી-તળાવ છલકાયા

સાબરકાંઠા જિલ્લા સહિત અનેક વિસ્તારોમાં પાછલા વરસાદથી ઠેર-ઠેર જળબંબાકાર જેવી સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે પ્રાંતિજ તાલુકામાં આવેલી નદીઓ તળાવો છલકાતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદ વરસતા નદી, નાળા છલકાઈ જતા પંથકના લોકો નદીના નીર જોવા ઉમટી પડ્યા હતા. અતિશય વરસાદને કારણે નવા નીર આવતા ગણેશ વિસર્જન વખતે ખાલી રહેલ તળાવો વિસર્જન પછી માત્ર છ થી સાત કલાકમાં જ બરાઈ ગયા હતા. જળાશયો અને નદીઓ છલકાતા રહિશોએ જળદેવતાને વધાવી લીધા હતા.



### આભ ફાટે તો થીગડુ ક્યા દેવાય મોડાસા પંથકમાં અતિશય વરસાદ

મોડાસા વિસ્તારમાં અતિશય વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાયેલ છે, મોડાસા નગર અને આખાય મોડાસા તાલુકામાં પાણી જ પાણી રોડ રસ્તા ધોવાયા, અતિશય વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં ખુબજ પાણી ભરાયા છે, મોડાસાનું ઓધારી તળાવ લીમડા તળાવ ઓવરફ્લોની સ્થિતિ પર છે, મખદુમ સોસાયટી, ડુઘરવાડા રોડ, ભેરૂન્ડા રોડ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાની સ્થિતિ જોવા મળે છે, આભ ફાટે ત્યાં થીગડુ ક્યાં દેવાય, અતિશય વરસાદને પગલે નગરપાલિકા તંત્ર લાચાર જેવી સ્થિતિ જોવા મળેલ છે. (તસવીર : નીતિન પંડ્યા)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### લ્યો બોલો પાલનપુર ધારાસભ્યનું કાર્યાલય જ પાણીમાં

પાલનપુર શહેરના જુના ગંજ બજારમાં આવેલ સ્થાનિક ધારાસભ્યના કાર્યાલયે જો કોઈ શહેરીજન કે ગ્રામ્ય વિસ્તારના મતદારને રજુઆત કે સમસ્યા અંગે જવું હોય તો ત્યાં પહોચવું જ એક સમસ્યાનો સામનો કરી એટલે પાણીના મીની તળાવમાંથી તરતા આવડતુ હોય તો જ જઈ શકાય છે. આ વિસ્તાર નીચાણવાળો હોઈ જ્યારે જ્યારે વરસાદ ૪ કે ૫ ઈંચ જેટલો પડે ત્યારે આ જુના ગંજ બજાર વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા આગળ વરસાદી પાણીનું મીની તળાવ સર્જાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦